તાલાલાના વિશ્વ પ્રસિદ્ધ શ્રીબાઈ માતાજીના મંદિરના વિકાસમાં સરકાર સહભાગી બનશે:ભુપેન્દ્રભાઈ પટેલ

શ્રીબાઈ મંદિરના મુખ્ય ગેટ તથા ઘટતી સુવિધા તથા હીરણ નદીમાં રીવર ફ્રન્ટ માટે મુખ્યમંત્રી એ રૂ.૧૬ કરોડની ગ્રાન્ટ મંજૂર કરી : શ્રીબાઈ મંદિરનો આઇકોનિક ગ્રેટર ગીર પ્રોજેક્ટમાં સમાવેશ કરવામાં આવેલ છે:મંત્રી મુળુભાઈ બેરા

(તસવીર : સરદારસિંહ ચૌહાણ, તાલાલા)

તાલાલા ગીર તા.૨૧

વિશ્વ પ્રસિદ્ધ સિંહની રહેઠાણ ભૂમિ તાલાલા ગીરમાં હિરણ નદીના કાંઠે આવેલ શ્રીબાઈ માતાજીના મંદિર સહિત રાજ્યના તમામ દેવાલયો ના વિકાસની જવાબદારી રાજ્ય સરકારની છે.સમગ્ર વિશ્વમાં વસવાટ કરતા અખિલ સોરઠીયા પ્રજાપતિ સમાજના આરાધ્ય દેવી શ્રીબાઈ માતાજીના રૂ.દશ કરોડના ખર્ચે નિર્માણ થયેલ દિવ્ય નુતન મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થવા પધારેલ રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું.

શ્રીબાઈ માતાજી ની મહા આરતી કર્યા બાદ સર્વ જન સુખાકારી માટે આશીર્વાદ માંગતા મુખ્યમંત્રી એ ઉમેર્યું હતું કે પ્રજાપતિ સમાજના આરાધ્ય દેવી શ્રીબાઈ માતાજીને દિવ્ય નૂતન મંદિરમાં બિરાજમાન કરવાનાં અવસરે ઉપસ્થિત રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવા બદલ ખુશી વ્યક્ત કરતા મુખ્યમંત્રી એ મંદિરના મુખ્ય ગેટ તથા મંદિરના પરિસરમાં ઘટતી તમામ સુવિધાઓ તથા મંદિરની બાજુ માંથી ખળખળ વહેતી હીરણ નદીના વિકાસ તથા નદીમાં રિવરફ્રન્ટ બનાવવા માટે રૂ.૧૬ કરોડ ગ્રાન્ટ ફાળવી હતી.શ્રી બાઈ માતાજી નું ભવ્ય મંદિર વધુમાં વધુ વિકાસ થાય તથા સર્વ જન સુખાકારી માટે શ્રીબાઇ માતાજીના સૌને આશીર્વાદ પ્રાપ્ત થાય તેવી મુખ્યમંત્રીશ્રી એ માતાજી પાસે પ્રાર્થના કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત રાજ્યના પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા એ જણાવ્યું હતું કે શ્રીબાઈ માતાજીનું દિવ્ય મંદિર સર્વ સમાજના ભાવિકોનું આસ્થા અને શ્રદ્ધાનુંકેન્દ્ર બન્યું છે.શ્રીબાઈ માતાજીના મંદિરનું આઇકોનિક ગ્રેટર ગીર પ્રોજેક્ટમાં સમાવેશ થયો છે.મંત્રીશ્રી એ ઉમેર્યું હતું કે આ બજેટ સત્રમાં આઇકોનિક ગ્રેટર ગીર પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે.આ પ્રોજેક્ટ દ્વારા ગીર તથા આજુબાજુના વિસ્તારનો સર્વાંગી વિકાસ થશે. કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના પ્રમુખ મુકેશભાઈ દેવળીયા એ સ્વાગત પ્રવચન કરી સૌનું અભિવાદન કર્યું હતું.ત્યારબાદ બાળાઓએ મુખ્યમંત્રીનું કુમકુમ તિલક કરી સત્કાર કર્યો હતો.તાલાલા ના ધારાસભ્ય ભગવાનભાઈ બારડે મુખ્યમંત્રી સહિત સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.આ અવસરે સતાધાર ના મહંત વિજય બાપુ,સોરઠના સાંસદ રાજેશભાઈ ચુડાસમા,ગીર સોમનાથ જિલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પિઠીયા, કલેકટર ડી.ડી.જાડેજા, જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા, તાલાલા મામલતદાર બી.એચ. કુબાવત,નાયબ કલેકટર ભૂમિકાબેન વાટલીયા, નગરપાલિકા ના પદાધિકારીઓ, સોરઠીયા પ્રજાપતિ સમાજના વિવિધ દાતાશ્રીઓ, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પંચધાતુના વિશાળ ઘંટને ગોલ્ડન બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યું

અઢારે વરણના શ્રદ્ધાળુ ભાવિકોના અસ્થાના પ્રતીક સમાન શ્રીબાઈ માતાજીના રૂ.દશ કરોડના ખર્ચે નિર્માણ થયેલ દિવ્ય મંદિરમાં પ્રસ્થાપિત થયેલ પંચધાતુથી બનેલ ચાર હજાર કિલોના વિશાળ ઘંટને ગોલ્ડન બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે.શ્રીબાઈ માતાજીની રથયાત્રા દરમિયાન દાતાઓએ આર્થિક દાન ઉપરાંત સોનુ,ચાંદી ત્રાંબુ,પિત્તળ એમ પંચધાતુનું દાન પણ આપ્યું હતું.આ દાનમાંથી તૈયાર થયેલ ચાર હજાર કિલોનો વિશ્વનો સૌથી મોટો ઘંટ તૈયાર કરવામાં આવ્યો હતો.રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ઘંટનું પૂજન કરી માતાજીના મંદિરમાં ડિજિટલ લોકાર્પણ કર્યું હતું.પંચધાતુ ના વિશ્વના સૌથી મોટા ઘંટનું ગોલ્ડન બુક ઓફ રેકોર્ડ માં સ્થાન મળતા મુખ્યમંત્રી સહિત સૌએ આનંદ વ્યક્ત કર્યો હતો.

તાલાલા શ્રીબાઈ મંદિરનો યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવેશ કરવા માંગ

વિશ્વભરમાં વસવાટ કરતા અખિલ સોરઠીયા પ્રજાપતિ જ્ઞાતિના આરાધ્ય દેવી શ્રી બાઈ માતાજીના ધામને રાજ્યના યાત્રાધામ વિકાસ બોર્ડમાં સમાવેશ કરવા શ્રીબાઈ ધામ વ્યવસ્થાપક કમિટીએ માંગણી કરી હતી.કમિટીના સભ્યોએ માતાજીના પ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી થવા પધારેલ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નો આભાર વ્યક્ત કરી શ્રી બાઈ ધામનું રાજ્યના પ્રવાસન સ્થળમાં સમાવેશ કરવા માંગણી કરી હતી.કમિટીના સભ્યોએ શ્રીબાઈ મંદિર તથા મંદિર દ્વારા ચાલતી માનવસેવાકીય કાર્યોની વિવિધ વિસ્તૃત વિગતો થી મુખ્યમંત્રીશ્રીને અવગત કર્યા હતા.

નામ બદલાવેલ છે

આથી હું **હિતેષ માણેકલાલ મહેતા** જાહેર કરૂ છું કે પહેલા મારુ નામ **હિતેષકુમાર માણેકલાલ મહેતા** હતું તે બદલાવીને **હિતેષ માણેકલાલ મહેતા** કરેલ છે અને હવે પછી થી હું **હિતેષ માણેકલાલ મહેતા** તરીકે ઓળખાઇશ.

હિતેષ માણેકલાલ મહેતા
રહે. રાજકોટ, તા. ૨૨/૦૨/૨૦૨૪

નામ બદલાવેલ છે

હું **ભાનુબેન ભરતભાઈ તંતી** જણાવું છું કે મેં મારુ નામ **ભાનુબેન ભરતકુમાર તંતી** થી બદલાવીને **ભાનુબેન ભરતભાઈ તંતી** રાખેલ છે. હું હવેથી **ભાનુબેન ભરતભાઈ તંતી** તરીકે ઓળખાઇશ

સહી : ભાનુબેન ભરતભાઈ તંતી
જય, ૧૬-કરણપાર્ક મેઈન રોડ, નાના મવા રોડ
રાજકોટ, તા.૨૨-૦૨-૨૦૨૪

નામ બદલાવેલ છે

હું **તંતી ભરતભાઈ વાલજીભાઈ** જણાવું છું કે મેં મારુ નામ **તંતી ભરતકુમાર વાલજી** થી બદલાવીને **તંતી ભરતભાઈ વાલજીભાઈ** રાખેલ છે. હું હવેથી **તંતી ભરતભાઈ વાલજીભાઈ** તરીકે ઓળખાઇશ

સહી : તંતી ભરતભાઈ વાલજીભાઈ
જય, ૧૬-કરણપાર્ક મેઈન રોડ, નાના મવા રોડ
રાજકોટ, તા.૨૨-૦૨-૨૦૨૪

નામ બદલાવેલ છે

આથી હું **હીના પ્રફુલ પરમાર** જાહેર કરૂ છું કે મારુ નામ **દીના સચીન વાજા** માંથી બદલાવીને **હીના પ્રફુલ પરમાર** કરેલ છે અને હવે પછી થી હું **હીના પ્રફુલ પરમાર** તરીકે ઓળખાઇશ.

હીના પ્રફુલ પરમાર
તા. ૨૨-૦૨-૨૦૨૪, રાજકોટ.

નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર **મીતાબેન નરેન્દ્રકુમાર ધિનોજા** જાહેર કરું છું કે, મેં મારૂ નામ **મીતા નરેન્દ્રકુમાર ધિનોજા** માંથી બદલાવીને **મીતાબેન નરેન્દ્રકુમાર ધિનોજા** કરેલ છે. હવેથી હું **મીતાબેન નરેન્દ્રકુમાર ધિનોજા** ના નામથી ઓળખાઇશ.

તારીખ : ૨૧-૦૨-૨૦૨૪, સ્થળ : ધોરાજી
મીતાબેન નરેન્દ્રકુમાર ધિનોજા

નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર **ધિનોજા નરેન્દ્રકુમાર ભાઇલાલ** જાહેર કરું છું કે, મેં મારૂ નામ **ધિનોજા નરેન્દ્ર ભાઇલાલ** માંથી બદલાવીને **ધિનોજા નરેન્દ્રકુમાર ભાઇલાલ** કરેલ છે. હવેથી હું **ધિનોજા નરેન્દ્રકુમાર ભાઇલાલ** ના નામથી ઓળખાઇશ.

તારીખ : ૨૧-૦૨-૨૦૨૪, સ્થળ : ધોરાજી
ધિનોજા નરેન્દ્રકુમાર ભાઇલાલ

નામ બદલાવેલ છે

આથી હું **ઓડેદરા રિદ્ધિ કરણાભાઈ** જાહેર કરૂ છું કે મારૂ નામ **ઓડેદરા રિદ્ધીબેન કરણભાઈ** માંથી બદલાવીને **ઓડેદરા રિદ્ધિ કરણાભાઈ** કરેલ છે અને હવે પછી થી હું **ઓડેદરા રિદ્ધિ કરણાભાઈ** તરીકે ઓળખાઇશ.

ઓડેદરા રિદ્ધિ કરણાભાઈ
રહે. રાણાવાવ, પોરબંદર.

નામ અને અટક બદલાવેલ છે

આથી હું **દુધાત્રા પાયલ મિત** જાહેર કરૂ છું કે મે મારૂ નામ અને અટક લગ્ન પછી **સોજીત્રા પાયલબેન કિશોરભાઈ** માંથી બદલાવીને **દુધાત્રા પાયલ મિત** કરેલ છે અને હવે પછી થી હું **દુધાત્રા પાયલ મિત** તરીકે ઓળખાઇશ.

દુધાત્રા પાયલ મિત
દીપ, ન્યુ પપૈયા વાડી શેરી નં.૨, ૮૦ ફુટ રોડ, પંચશીલ સોસાયટીની પાછળ, રાજકોટ.

NOTICE

I THE UNDER SIGNED **JAYSHREEBEN GOPALBHAI KHUDAI**, I HAVE CHANGED MY NAME FROM **KHUDAI JAYSHREE GOPAL** TO **JAYSHREEBEN GOPALBHAI KHUDAI** AND NOW I AM KNOWN AS **JAYSHREEBEN GOPALBHAI KHUDAI.**
PLACE: PORBANADR
DATE: 21/02/2024

NOTICE

I THE UNDER SIGNED **SANDIP JAYANTILAL THAKRAR**, I HAVE CHANGED MY SURNAME FROM **SANDIP JAYANTILAL THAKARAR** TO **SANDIP JAYANTILAL THAKRAR** AND NOW I AM KNOWN AS **SANDIP JAYANTILAL THAKRAR.**
PLACE: PORBANADR
DATE: 21/02/2024

NOTICE

I THE UNDER SIGNED **MANISHA SANDIP THAKRAR**, I HAVE CHANGED MY SURNAME FROM **MANISHA SANDIP THAKARAR** TO **MANISHA SANDIP THAKRAR** AND NOW I AM KNOWN AS **MANISHA SANDIP THAKRAR.**
PLACE: PORBANADR
DATE: 21/02/2024

CHANGE OF NAME

I THE UNDER SIGNED **MODHVADIYA NITIN JETHABHAI**, I HAVE CHANGED MY NAME FROM **MODHVADIA NITIN JETHA** TO **MODHVADIYA NITIN JETHABHAI**AND NOW I AM KNOWN AS **MODHVADIYA NITIN JETHABHAI.**
PLACE: PORBANADR
DATE: 21/02/2024

CHANGE OF NAME

I, **Parveen Hanif Makda** have changed my old name from **Makda Parvinben Mohmadhanif** to **Parveen Hanif Makda** for all future purposes.
Amee Palace, 3 Subhsh Nagar, Raiya Road, Rajkot-360005

CHANGE OF NAME

I, **Hanif Ahmed Makda** have changed my old name from **Makda Mohmadhanif Amad** to **Hanif Ahmed Makda** for all future purposes.
Amee Palace, 3 Subhsh Nagar, Raiya Road, Rajkot-360005

CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM **RASILA MANSUKHLAL SENJALIYA** TO **RASHILABEN MANSUKHBHAI SENJARIYA.** HERE AFTER BE KNOWN AS **RASHILABEN MANSUKHBHAI SENJARIYA.**
Sd. : RASHILABEN MANSUKHBHAI SENJARIYA
ADD.: SHREE HARI, BHUMI BUNGLOWS, KARAN PARK MAIN ROAD, NEAR CINE MAX, NANA MAVA MAIN ROAD, RAJKOT - 360001

CHANGE OF NAME

I HAVE CHANGED MY NAME FROM **SENJALIYA MANSUKHLAL RANCHHODBHAI** TO **SENJARIYA MANSUKHBHAI RANCHHODBHAI.** HERE AFTER BE KNOWN AS **SENJARIYA MANSUKHBHAI RANCHHODBHAI.**
Sd. : SENJARIYA MANSUKHBHAI RANCHHODBHAI
ADD.: SHREE HARI, BHUMI BUNGLOWS, KARAN PARK MAIN ROAD, NEAR CINE MAX, NANA MAVA MAIN ROAD, RAJKOT - 360001

મેંદરડા મહિલા પીએસઆઈએ વિદેશી દારૂનો જથ્થો પકડી પાડ્યો

તસવીરઃ કમલેશ મ્હેતા

પ્રતિનિધિ દ્વારા મેંદરડા તા.૨૧

મેંદરડા પોલીસ સ્ટેશનમાં ઇન્ચાર્જ તરીકે નિમણૂક કરવામાં આવેલ હતી ત્યારે ગુજરાત સરકાર દ્વારા પોલીસ વિભાગમાં અનેક બદલીઓ કરવામાં આવેલ ત્યારે મેંદરડા ના ઇન્ચાર્જ પીએસઆઇ હડીયા ની જગ્યાએ મહીલા પીએસઆઇ એસ.એન. સોનારા ની નિમણૂક થતા સતત પેટ્રોલિંગ દરમ્યાન મેંદરડાના આલીધ્રા ખાતે પેટ્રોલિંગ દરમ્યાન ખાનગી બાતમીદારો દ્વારા જાણ થતા આલીધરા ગામે રહેતા સિરાજ અલારખા જોધપરા પોતાના મકાન પાસે આવેલ પડતર મકાનમાં ગેરકાયદેસર ભારતીય બનાવટ નો વિદેશી દારૂનો જથ્થો રાખી વેચાણ કરી રહ્યો છે તેવી હકીકત મળતા તે જગ્યાએ રેડ કરતા જુદી જુદી બ્રાન્ડનો દારૂ બિયર મોબાઈલ સહિતનો મુદ્દા માલ આશરે કિંમત ૧૩૬૪૦ સાથે આરોપીને પકડી પાડેલ છે ત્યારે બીજો આરોપી સોહિલ અલારખા જોધપુરા ફરાર થયેલ છે આ બંને વિરુદ્ધ કલમ ૬૫ ઈ ૮૧ મુજબ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે

ઉપરોક્ત કામગીરીમાં મહિલા પીએસઆઇ એસ.એન.સોનારા, પોલીસ સ્ટાફ ના એસ.ડી. સોંદરવા, અનિલ જમોડ સુરેશ ભંભાણા કંચનબેન બારીયા સહિતના સ્ટાફ દ્વારા કામગીરી કરવામાં આવેલ હતી

ટ્રેન હેઠળ કપાઈ જતા ખંભાળીયાના મોવાણા ગામના આધેડનું મોત

ભાણવડનો શખ્સ જામગરી બંદૂક સાથે ઝડપાયો

પ્રતિનિધિ દ્વારા ખંભાળીયા તા.૨૧

ખંભાળિયા તાલુકાના મોવાણ ગામે રહેતા ૫૦ વર્ષના એક ગઢવી આધેડ ગઈકાલે મંગળવારે ટ્રેન હેઠળ કપાય જતા તેમનું કરુણ મૃત્યુ નીપજ્યું હતું. ખંભાળિયા તાલુકાના મોવાણ ગામે રહેતા ગઢવી નુંદાભાઈ માલદેભાઈ બુચડ (ઉ.વ. ૩૭) એ કલ્યાણપુર પોલીસ મથકમાં જાહેર કરેલી વિગત મુજબ ગામે રહેતા આસપારભાઈ આશાભાઈ બુચડ (ઉ.વ. ૫૦) ને આજથી આશરે ૧૨ વર્ષ પહેલા રીક્ષા અકસ્માતમાં તેમનો ડાબો પગ સાથળ નીચેથી કપાઈ ગયો હતો. જેના કારણે તામસી સ્વભાવના બની ગયેલા આસપારભાઈ ગઢવી કંટાળી ગયા હતા. નાની-નાની વાતે ગુસ્સે થઈ જતા આસપારભાઈ ગઈકાલે મંગળવારે સવારના સમયે પોતાના ઘરેથી કોઈને કંઈ કહ્યા વગર નીકળી ગયા હતા. ત્યારબાદ ભાટિયા તરફ જતા રેલવે ટ્રેક ઉપર મેઘપર ટીટોડી ગામ નજીક પસાર થતી એક ટ્રેન હેઠળ તેઓ કોઈ કારણોસર અડફેટે ચડી જતા તેમને શરીરના જુદા જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યું હતું. જે અંગે કલ્યાણપુર પોલીસે અકસ્માત મૃત્યુ અંગેની નોંધ કરી, જરૂરી કાર્યવાહી કરી હતી.

ભાણવડનો શખ્સ જામગરી બંદૂક સાથે ઝડપાયો

ભાણવડના રામેશ્વર પ્લોટ વિસ્તારમાં હાલ રહેતા અને મૂળ ભેનકવડ ગામના ઈશાક ઉર્ફે ભીખુ જુસબ ઉનરાણી નામના ૪૪ વર્ષના સંધી શખ્સને એસ.ઓ.જી. પોલીસે રાણપરડા સીમ વિસ્તારમાંથી પાસ પરવાના વગરની જામગરી બંદૂક સાથે નદીના કાંઠે ઝાડી ઝાંખરામાં શિકાર કરવા નીકળતા ઝડપી લઇ, તેની સામે આર્મ્સ એક્ટ હેઠળ ધોરણસર કાર્યવાહી કરી હતી.

જામનગરમાં ચેક પરત ફરવાનાં કેસમાં પાંચ માસની સજા

(પ્રતિનિધિ દ્વારા) જામનગર તાં.૨૨: જામનગર ની સ્વામી વિવેકાનંદ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીના ડિફોલ્ટર સભાસદને પાંચ માસની જેલનો હુકમ થયો છે. સ્વામી વિવેકાનંદ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીના સભાસદ જયદીપસિંહ નવલસિંહ રાઠોડ એ સોસાયટી માંથી લોન લીધેલ હતી. આ લોન ભરપાઈ કરવા આરોપીએ ચેક આપ્યો હતો.જે ચેક બેંકમાં ડિપોઝીટ કરતા ચેક રીટર્ન થયો હતો. જેથી સોસાયટીના વકીલ દ્વારા તેથી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ અન્વયે આરોપી વિરુધ કોર્ટ સમક્ષ ફરીયાદ દાખલ કરેલ હતી .અને સમન્સ મળતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થયેલ હતો. આ કેસ આગળ ચાલતા સોસાયટીના વકીલની દલીલોને ધ્યાને લઈ આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ હતો અને આરોપીની ગેરહાજરીમાં પાંચ માસની જેલની સજા તેમજ વાદગ્રસ્ત ચેકની રકમ રૂ ૫૧૦૦૦ નો દંડ તેમજ આરોપી ગેરહાજર હોવાથી આરોપી વિરુદ્ધ સજા વોરંટ ઇસ્યુ કરવા તથા તેની અમલ બજવણી માટે જામનગરના એસ.પી ને મોકલવાનો હુકમ કરવામાં આવેલ છે.

આંક : મ્યુની/સ્ટ્રીટલાઈટ/૨૬૭૧ તા. ૨૧/૦૨/૨૦૨૪

વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા

ટેન્ડર નોટિસ

વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકાને નીચે મુજબના કામો માટે રસ ધરાવતી એજન્સીઓ/કોન્ટ્રાકટ પાસેથી ટેન્ડર દ્વારા ભાવ મંગાવવામાં આવે છે. જીલ્લા આયોજન ૨૦૨૩-૨૦૨૪ની ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી

ક્રમ	વિગત	અંદાજીત રકમ	ઈ.એમ.ડી. ટેન્ડર ફી
૧	હાઈમાસ્ટ ટાવર ફીટ કરવાનું કામ	૪૫૬૬૬૫/-	૪૫૬૬/-, ૬૦૦/-

સદરહું કામની ટેન્ડર કોપી તા. ૨૩/૦૨/૨૦૨૪થી તા. ૨૯/૦૨/૨૦૨૪માં સ્ટ્રીટલાઈટ શાખામાંથી મેળવી અને રજી.એડીથી તા. ૨/૦૨/૨૦૨૪ સુધીમાં પહોચતા કરવાના રહેશે. આ કામની ઈ.એમ.ડી. રોકડમાં/ડીડીથી ભરવાની રહેશે. કવર પર કામનું નામ અવશ્ય લખવું વધુ વિગત માટે કચેરીનો સંપર્ક કરવો.

સહી/- ચીફ ઓફીસર વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા

સહી/- પ્રમુખ વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા

નિડો હોમ ફાઈનાન્સ લિમિટેડ

(અગાઉ એડલવેઈસ હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતું હતું) **રજી. ઓફિસઃ** પમો માળ, ટાવર ૩, વિંગ બી, કોહિનૂર સિટી મોલ, કોહિનૂર સિટી, કિરોલ રોડ, કુર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૭૦
શાખા ઓફિસનું સરનામુંઃ- ઓફિસ નં.૩૦૧,૩૦૨,૩૦૩,૩૦૪, ૩જો માળ, 3rd આઈ વિઝન શિવાલિક પ્લાઝાની સામે, આઈઆઈએમ પાસે, પાંજરા પોળ અમદાવાદ, ૩૮૦૦૦૯

ઈ-ઓક્શન-સ્ટેચ્યુટરી ૧૫ દિવસનું વેચાણ નોટીસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ હેઠળ ઈ-ઓક્શન દ્વારા વેચાણ નોટિસ

આથી જાહેર જનતાને અને ખાસ કરીને કરજદાર અને જામીનદારને નોટિસ આપવામાં આવે છે જેનો નીચે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. લોન લેણાંની વસૂલાત થાય ત્યાં સુધી પરિશ્રિત કોષ્ટકમાં દર્શાવેલ રકમની વસૂલાત માટે જ્યાં છે ત્યાં, જેમ છે તેમ અને જે છે તે પર મિલકત વેચવામાં આવશે. આ મિલકત મેસર્સ નિડો હોમ ફાઈનાન્સ લિમિટેડ (અગાઉ એડલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે ઓળખાતી) પાસે ગીરો છે. કરજદાર (ઓ) સહ કરજદાર (ઓ) અને જામીનદાર(ઓ) દ્વારા લેવામાં આવતી લોન માટે. સુરક્ષિત લેણદાર પાસે નીચે દર્શાવેલ સિક્યોર્ડ એસેટનો ભૌતિક કબજો છે.

ક્રમ નં.	કરજદાર/ સહ કરજદાર / જામીનદારનું નામ	વસૂલાતની રકમ	અનામત કિંમત અને EMD	હરાજીની તારીખ અને સમય	નિરીક્ષણની તારીખ અને સમય	ભૌતિક કબજો તારીખ
1	તારીફભાઈ રજાકભાઈ આમદા (કરજદાર) અને રેશમાબેન તારીફભાઈ આમડા (સહ કરજદાર)	રૂ. ૨૦.૦૨.૨૦૨૪ ના રોજ ૧૯,૧૫,૦૯૫.૫૯/- (રૂપિયા ઓગણીસ લાખ પંદર હજાર પંચાણું અને ઓગણ સાઠ પૈસા માત્ર) + તેના પર વધુ વ્યાજ + કાનૂની ખર્ચ LAN NO.LRJK0HL0000095120 માટે	રૂ. ૧૯,૧૬,૦૦૦/- (રૂપિયા ઓગણીસ લાખ સોળ હજાર માત્ર) અર્નેસ્ટ મની ડિપોઝિટ રૂ. ૧,૯૧,૬૦૦/- (રૂપિયા એક લાખ એકાણું હજાર છસો માત્ર)	૦૨-૦૪-૨૦૨૪ સવારે ૧૧ થી ૧૨ વાગ્યાની વચ્ચે (૫ મિનિટ અનલિમિટેડ ઓટો એક્સટેન્શન સાથે)	૦૪-૦૩-૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ની વચ્ચે	૨૯-૦૧-૨૦૨૪

સુરક્ષિત સંપત્તિનું વર્ણનઃ રહેણાંક મિલકત બિલ્ડ અપ એરિયા ૭૦.૦૭ ચો. મી રાજકોટ ખાતે બીજા માળે માધાપર રેવન્યુ સર્વે નંબર 54p3 P પ્લોટ નંબર ૧ M બિલ્ડીંગ ફ્લેટ નંબર M-૨૦૧ ખાતે સ્થિત છે અને નીચે પ્રમાણે સીમાઓ : પૂર્વઃ L બિલ્ડિંગ ફ્લેટ નંબર L-૨૦૨, પશ્ચિમઃ ફ્લેટ નંબર M-૨૦૨ , ઉત્તરઃ સામાન્ય પેસેજ દક્ષિણ રોડ

ક્રમ નં.	કરજદાર/ સહ કરજદાર / જામીનદારનું નામ	વસૂલાતની રકમ	અનામત કિંમત અને EMD	હરાજીની તારીખ અને સમય	નિરીક્ષણની તારીખ અને સમય	ભૌતિક કબજો તારીખ
2	અલ્પેશ ધીરજલાલ પુરબિયા (કરજદાર) અને રંજનબેન ધીરજલાલ પુરબિયા (સહ કરજદાર	૨૦.૦૨.૨૦૨૪ ના રોજ રૂ. ૨૭,૫૭,૫૩૭.૦૦/- (રૂપિયા સત્તાવીસ લાખ સત્તાવન હજાર પાંચસો સાડત્રીસ માત્ર) +તેના પર વધુ વ્યાજ+ કાનૂની ખર્ચ LAN NO.LJNGSTH0000096484 માટે	રૂ. ૨૮,૦૦,૭૧૪/- (રૂપિયા અઠ્ઠાવીસ લાખ સાતસો ચૌદ માત્ર) અર્નેસ્ટ મની ડિપોઝીટ રૂ. ૨,૮૦,૭૭૧/- (રૂપિયા બે લાખ અંસી હજાર ઈકોતેર માત્ર)	૦૨-૦૪-૨૦૨૪ સવારે ૧૧.થી ૧૨ વાગ્યાની વચ્ચે (૫ મિનિટ અનલિમિટેડ ઓટો એક્સટેન્શન સાથે)	૦૪-૦૩-૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ની વચ્ચે	૨૪-૦૧-૨૦૨૪

સુરક્ષિત સંપત્તિનું વર્ણનઃ મિલકતની દરેક જગ્યા રહેણાંક મકાન કુલ માપન ચો. મી ૫૯-૯૬૨૫ પ્લોટ નં. ૩૭ પૈકી (સબ પ્લોટ નં.૩૭/C) ઓ કલ્પતરુ નગર ટીંબાવાડી , જૂનાગઢ , જૂનાગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં આવેલું છે સીમાઓઃ ઉત્તરઃ Adj. ૬-૦૦ Mtrs પહોળો રોડ દક્ષિણઃ Adj ઓફ પ્લોટ નં. ૨૮, પૂર્વઃ Adj. સબ પ્લોટ નંબર ૩૭/બી.ની જમીન, પશ્ચિમઃ Adj. પ્લોટ નંબર ૩૬ની જમીન.

ક્રમ નં.	કરજદાર/ સહ કરજદાર / જામીનદારનું નામ	વસૂલાતની રકમ	અનામત કિંમત અને EMD	હરાજીની તારીખ અને સમય	નિરીક્ષણની તારીખ અને સમય	ભૌતિક કબજો તારીખ
3	રતિલાલ ભોજાભાઈ અંજારા (કરજદાર) અને કંકુબેન ભોજાભાઈ અંજારા (સહ કરજદાર)	૨૦.૦૨.૨૦૨૪ ના રોજ રૂ. ૧૩,૬૬,૬૫૫.૨૦/- (તેર લાખ છાસઠ હજાર છસ્સો પંચાવન અને વીસ પૈસા માત્ર) તેના પર વધુ વ્યાજ+ કાનૂની ખર્ચ LAN NO.LRJKSTH0000086085 માટે	રૂ. ૧૮,૨૭,૬૧૬/- (રૂપિયા અઢાર લાખ સત્તાવીસ હજાર છસો સોળ માત્ર) અર્નેસ્ટ મની ડિપોઝિટ રૂ.૧,૮૨,૭૬૧/- (રૂપિયા એક લાખ બ્યાસી હજાર સાતસો એકસઠ માત્ર)	૦૨-૦૪-૨૦૨૪ સવારે ૧૧. થી ૧૨ વાગ્યાની વચ્ચે (૫ સાથે મિનિટ્સ અમર્યાદિત ઓટો એક્સટેન્શન્સ)	૦૪-૦૩-૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ ની વચ્ચે	૨૯-૦૧-૨૦૨૪

સુરક્ષિત સંપત્તિનું વર્ણનઃ મિલકતની દરેક જગ્યા જમીન વ્યવસ્થા સાથે રહેણાંક મકાન. ૪૬-૮૨ ચો.મીટર. મવડી રેવન્યુ સર્વે નંબર ૧૨૨(P) ના પ્લોટ ૪૨(P) રેવન્યુ સર્વે નં. ૩૪ (જૂનું), R.S. નંબર ૧૨૨(નવું), પ્લોટ નંબર ૪૨, મવડી, રાજકોટ. સીમાઓઃ પૂર્વઃ પ્લોટ નં. ૪૧, પશ્ચિમઃ રોડ, ઉત્તરઃ પ્લોટ નં. ૪૨(P)., દક્ષિણ ૪૨(P)

ક્રમ નં.	કરજદાર/ સહ કરજદાર / જામીનદારનું નામ	વસૂલાતની રકમ	અનામત કિંમત અને EMD	હરાજીની તારીખ અને સમય	નિરીક્ષણની તારીખ અને સમય	ભૌતિક કબજો તારીખ
4	હિતેશભાઈ ભલગામા (કરજદાર) અને ભાગ્યશ્રી ભલગામા (સહ કરજદાર)	૨૦.૦૨.૨૦૨૪ના રોજ રૂ. ૨,૭૧,૩૨૮.૯૪/- (રૂપિયા બે લાખ ઈકોત્તેર હજાર ત્રણસો અઠ્ઠાવીસ અને ચોવીસ પૈસા માત્ર) + તેના પર વધુ વ્યાજ+ LAN NO.LRJKSTH0000080438 માટે કાનૂની ખર્ચ	રૂ. ૬,૪૧,૦૦૦/- (રૂપિયા છ લાખ એકતાલીસ હજાર માત્ર) અર્નેસ્ટ મની ડિપોઝિટ રૂ. ૬૪,૧૦૦/- (રૂપિયા ચોસઠ હજાર એકસો માત્ર)	૦૨-૦૪-૨૦૨૪ સવારે ૧૧. થી ૧૨ વાગ્યાની વચ્ચે (૫ સાથે મિનિટ્સ અમર્યાદિત ઓટો એક્સટેન્શન્સ)	૦૪-૦૩-૨૦૨૪ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ની વચ્ચે	૩૦-૦૧-૨૦૨૪

સુરક્ષિત સંપત્તિનું વર્ણનઃ મિલકતની દરેક જગ્યા ૩૮-૧૨ ચો. મી રેવન્યુ સર્વે નંબર ૧૪૨ પૈકી ૨ આદર્શ રેસીડેન્સી, પીપળીયા પાલ, તા.લોધીકા જી.રાજકોટ.ના સબ પ્લોટ નં.૫૪/બીના ૩૮-૧૨ ચો.મ